L09003632085
Sender Name: VC&MD (POST-ALLOTMENT)
Received Date : 07/09/2020

નં. જીઆઇડીસી/ઓએન્ડેમ/સીઆઇઆર/
વિતરણ/પોલીસી/
જીઆઈડીસી, વડી કચેરી, ગાંધીનગર
તા.

## //સ્પષ્ટતા પરિપત્ર //

વિષય:- નિગમની વસાહતોમાં ફાળવવામાં આવેલ મિલકતોના પેટા-વિભાજન બાબતે ફી વસુલવા બાબત.

સંદર્ભ:- ૧) જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/૧(૧૦)/૪૩ તા.0૩/૧૦/૨૦૧૨
૨) જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/૪૪ તા.૦૮/૦૬/૨૦૧૬.
૩) જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/૩૨ તા.૧૯/૧૨/૨૦૧૮.

નિગમ દ્વારા તા.૦૮/૦૬/૨૦૧૬ અને તા.0૩/૧૦/૨૦૧૨ ના પરિપત્રથી જુદી જુદી વસાહતોમાં ફાળવવામાં આવેલ ઔદ્યૌગિક, વાણિજ્યિક અને રહેણાંક મિલકતોના પેટા વિભાજનની નીતિ બાબતથી જે તે ઝોનના પ્રવર્તમાન ફાળવણીદરના આધારે પેટા-વિભાજન ફી વસુલવાનું અમલમાં આવેલ છે તથા નિગમના પરિપત્ર તા. ૧૯/૧૨/૧૮ થી તા.0૩/૧૦/૧૨ અને તા.૦૮/૦૬/૨૦૧૬ અન્વયે અપવાદરૂપ કિસ્સાઓમાં થયેલ પેટા-વિભાજન થયા બાદ પ્રથમ વખતના અનૌપચારિક તબદીલીના કિસ્સામાં પ્લોટના વિસ્તાર જેટલી પ્રો-રેટાના ધોરણે પેટા-વિભાજન ફી વસુલ લેવાની સ્પષ્ટતા કરવામાં આવેલ.

ક્ષેત્રીય કચેરી પાસેથી વડી કચેરીએ માર્ગદર્શન માટે આવતી પેટા-વિભાજનની દરખાસ્ત અન્વયે નીચે મુજબની સ્પષ્ટતા કરવામાં આવે છે.

- જો ફાળવણીદાર દ્વારા નિગમની પેટા-વિભાજનની નીતિ તા.0૩/૧૦/૨૦૧૨ પહેલા નિગમનું " ના વાંધા પ્રમાણપત્ર" મેળવી, અપવાદરૂપ કિસ્સામાં પેટા-વિભાજન કરાવેલ હોય તથા ત્યારબાદ પ્રથમ વખત અનૌપચારિક તબદીલીની અરજી કરેલ હોય ત્યારે અગાઉ મંજૂર કરેલ પેટા-વિભાજન અંગેની ફી વસુલવાની રહેશે નહી.
- જે કિસ્સાઓમાં નિર્ણય લેવાઇ ગયેલ હોય તથા પેટા-વિભાજન ફી ભરપાઇ થઇ ગયેલ હોય તેવા કિસ્સાઓ પુન: ખોલવાના રહેશે નહી.

નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓએ આ સુચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવો.

ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક
જીઆઇડીસી, ગાંધીનગર

પ્રતિ,
નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ.

નકલ રવાના:
મેનેજર(એસ એન્ડ એ), જીઆઇડીસી, ગાંધીનગર...તરફ નિગમની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ